## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



તમે ખેતરમાં નકામા છોડ ડિલીટ કરો...!!
એ મને નહી ફાવે.. હું તમને તમારા મોબાઇલમાં નકામા મેસેજ ડિલીટ કરી દઉ...!

# શહેરમાં વિવિધ સ્થળો પર ત્રણ માર્ગ અકસ્માતમાં ત્રણને ઈજા

**ઘ માર્ગ પર કડી સ્કુલ પાસે બાઈક ચાલકે એકટીવાને ટક્કર મારતા યુવતિને ઈજા, ઘ-૬ પાસે બાઈક પર પાણી પી રહેલા યુવકને અજાણ્યા એકટીવા ચાલકે પાછળથી ટક્કર મારી, ખ માર્ગ પર વાવોલ કટ પાસે કારે એકટીવા ચાલક યુવકને અડફેટે લેતા ઈજાગ્રસ્ત**

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર શહેરના રાજમાર્ગો પર છેલ્લા કેટલાક સમયથી માર્ગ અકસ્માતની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. વાહન ચાલકો ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરી ગતિ નિયંત્રણને ઘોળીને પી ગયા છે. બેફામ રોકેટ ગતિએ દોડતી ગાડીઓ અને વાહનો ગમે તે સમયે અકસ્માત નોંતરે છે. ત્યારે વાંક વિનાના વાહનચાલકો અકસ્માતનો ભોગ બનતા ઈજાઓ પહોંચે છે. શહેરમાં બે પૈંડા પરની જીંદગી ઝોખમાઈ છે. તંત્ર માર્ગ સલામતીની માત્ર વાતો કરે છે. ત્યારે શહેરમાં ઘ-૬ થી આગળ બાઈક અને એકટીવા વચ્ચે અકસ્માત થયો છે. તો બીજીતરફ ઘ-૫ થી ઘ-૬ તરફ જતા કડી સ્કુલના ગેટ પાસે બાઈક ચાલકે એકટીવાને ટક્કર મારતા યુવતિને પાંસળીના ભાગે અને પગે ઈજા પહોંચી છે. જયારે ત્રીજા બનાવ સરગાસણ થી ખ-રોડ પર વાવોલ કટ પાસે અમેજ ગાડીના ચાલકે એકટીવા સવારને અડફેટે લેતા યુવકને ફ્રેકચર થતા સારવાર માટે ખસેડાયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૭ ફાયર બિગ્રેડમાં છેલ્લા ચાર માસથી ડ્રાઈવર કમ પંપ ઓપરેટર તરીકે ખાનગી એજન્સીમાં કામ કરતો ૨૬ વર્ષિય હર્ષ આચાર્ય જીબીઈ કોલોની ખાતે પરિવાર સાથે રહે છે. ગતરોજ હર્ષ પોતાની નોકરી પુરી કરીને રાત્રીના સાડા બાર વાગ્યાના અરસામાં સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.એલ.-૧૮૨૯ ઘરે જઈ રહ્યો હતો. તે દરમિયાન ઘ-૬ થી આગળ બાઈક પર બેસીને પાણી પી રહ્યો હતો. ત્યારે અચાનક પાછળથી એકટીવા પર સવાર યુવકે ટક્કર મારતા યુવક બાઈક પરથી નીચે પટકાયો હતો. એકટીવા પર સવાર શખ્સો નાસી ગયા હતા. જયારે રાહદારીઓએ ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સિવિલ લઈ ગયા હતા. જયાં ડોકટરે તપાસ કરતા યુવકને જમણા પગે ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું.

જયારે બીજો બનાવમાં ગાંધીનગરના સેકટર-૨૯ ઘ-૬ કોર્નર પાસે ફલેટમાં રહેતી યુવતિ માણસા ખાતે શાળામાં ટીચર તરીકે ફરજ બજાવે છે. ગતરોજ રાત્રીના સમયે શહેરના ઘ માર્ગ પર યુવતિ એકટીવા લઈને કડી સ્કુલના ગેટ પાસે થી પસાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક સેકટર-૨૩ તરફથી બાઈક પર ત્રણ સવારી હતી. જેમાં બાઈક ચાલકે પોતાનો કાબુ ગુમાવતા બાઈક એકટીવાને ટકરાતા યુવતિ નીચે પડી ગઈ હતી. જેમાં યુવતિ માર્ગ પર પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. જેથી ઈજાગ્રસ્તને તાત્કાલીક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાતા જમણા ખભાના ભાગે તેમજ જમણી પાંસળીના ભાગે ફ્રેકચર થયું હોવાનું ડોકટર દ્વારા નિદાન કરાયું હતું.

જયારે ત્રીજા બનાવમાં વાવોલ લાભ રેસીડેન્સી એ-૨૦૧ ખાતે રહેતા દિપાંશુ વિરેન્દ્રસિંહ ભારદ્વાજ પોતાના પરિવાર સાથે રહે છે અને રાયસણ યશ પ્લાઝા ખાતે આવેલી રુદ્ર ટેક માં એકાઉટન્ટ તરીકે એક માસથી નોકરી કરે છે.જયારે એકટીવાનો ઉપયોગ યુવક નોકરી આવન જાવન માટે કરતો હતો. વાવોલ ખાતે થી બપોરના સમયે નીકળેલ યુવક પીકચર જોવા માટે સેકટર-૧૬ ખાતે ગયો હતો. ત્યારબાદ યુવક એકટીવા નં.જી.જે.૧૮.ડી.ડી.-૮૨૧૦ લઈને ઘરે જઈ રહ્યો હતો. તે સમયે ખ માર્ગ પર વાવોલ તરફના કટ પાસે એકટીવા લઈને યુવક ઉભો હતો. જયારે પોણા બે વાગ્યાના સુમારે સરગાસણ સાઈડ થી આવી રહેલી જી.જે.૧૮.બી.બી.-૭૨૫૦ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવાને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક ૧૦૮ દ્વારા ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. આ બનાવમાં યુવકને ડાબા પગે સાથળ તેમજ જમણા પગે નળાના ભાગે ફ્રેકચર થયુ હતું. શહેરના માર્ગો પર ત્રણ વિવિધ સ્થળો પર માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યકિતને ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા.

# શહેરમાં ત્રણ સ્થળો પરથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં બાઈક ચોરી ટોળકીએ હાહાકાર મચાવ્યો છે. પાટનગરમાંથી છાશવારે ટુ-વ્હીલર વાહનની ઉઠાંતરી થાય છે. શહેરની ભીડભાડા વાળા એરીયા તેમજ રહેણાંક વિસ્તારમાંથી પણ પાર્ક કરેલુ બાઈક ગણતરીના સમયમાં ચોરી થઈ જાય છે.ત્યારે વાહનચોર ટોળકીને પકડવા માટે પણ પોલીસ કમરકસી રહી છે. ત્યારે શહેરમાંથી ત્રણ વિવિધ જગ્યા પરથી વાહન ચોરીની ઘટનાઓ સામે આવી છે.

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાઈજીપુરા ચોકડી પાસે રાધે ટાઈમ્સ સ્કવેર નજીક ખુલ્લી જગ્યાના પાર્કિંગમાંથી બજાજ ડીસકવર બાઈકની ચોરી થવા પામી છે. સાર્થક ધ સર્જક ખાતે સી.૧૦૧ ખાતે રહેતા ગીરીશ બળદેવભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે.જયારે રાધે ટાઈમ્સ સ્કવેરમાં ચોથા માળે તેમની ઓફિસ આવેલી છે. તેઓ અનાજની દલાલીનું કામકાજ કરે છે. જયારે ઓફિસ આવન જાવન માટે તેઓ બજાજ ડીસકવર બાઈક નં. જી.જે.૦૧.એસ.ક્યુ.-૨૬૨૯ બાઈકનો ઉપયોગ કરતા હતા. ગત તા.૧૩ એપ્રિલના રોજ બાઈક લઈ ઘરે થી ઓફિસ આવ્યા હતા.ત્યારબાદ બપોરે ૧ વાગે ઓફિસના નીચે ખુલ્લી જગ્યામાં પાર્કિંગમાં બાઈક પાર્ક કર્યું હતું. જયારે બપોરે અઢી વાગે બાઈક લેવા માટે જતા બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી ગીરીશ પટેલે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જયારે ગોકુલપુરા ખાતે પરિવરા સાથે રહેતા ૨૫ વર્ષિય સુરેશ કાશીરામ ભરવાડ હાલ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. જયારે પોતાના ઉપયોગ માટે બાઈક નં. જી.જ.૧૮.સી.એન.૪૧૧૨ નો ઉપયોગ કરતો હતો. ત્યારે ગત તા.૨૮ માર્ચના રોજ આ બાઈક હીરો સ્પ્લેન્ડર લઈ સુરેશ ભરવાડ સેકટર-૧૬ સ્થિત ખાનગી પેસેન્જર લાઈબ્રેરી ખાતે વાંચન માટે ગયો હતો. બપોરે ૪ કલાકે પાર્કિંગમાં મુકેલ બાઈક રાત્રીના સાડા અગીયાર વાગે ઘરે જવા માટે નીકળ્યો હતો. તે સમયે યુવકે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. યુવકે પોતાની રીતે બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક નહી મળી આવતા આખરે પોલીસ મથકે બાઈક ચોરી અંગે ગુનો નોંધાયો છે.

જયારે ત્રીજા બનાવમાં દહેગામના રખીયાલ ગામે રહેતો ૩૦ વર્ષિય રાકેશ પરમાર પરિવાર સાથે રહે છે અને નરોડા જીઆઈડીસી ખાતે અમરનાથ એસ્ટેટમાં એક વર્ષથી પેઈન્ટીંગનું કામ કરે છે. જયારે નોકરી પર આવન જાવન માટે રાકેશ પેશન પ્રો બાઈક નં. જી.જે.૧૮.સી.ઈ.-૯૮૦૦ નો ઉપયોગ કરતો હતો. ત્યારે ગત તા.૧૧ ના રોજ યુવક સેકટર-૨૮ ગાર્ડન ખાતે બાઈક પાર્ક કરીને નજીક દુકાનમાં કામ કરી રહ્યો હતો. સવારે આવેલા યુવકે કામ પુરુ થઈ જતા બપોરે ત્રણ કલાકે જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર બાઈકની ચોરી થઈ હતી. બાઈક ચોરી અંગે યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



## ખૂણેખાંચરેથી

● વડાપ્રધાન મોદીના કાર્યક્રમને પગલે તંત્રએ નો પાર્કિંગ ઝોન, રૂટ ડાયવર્ઝન સહિતના જુદા જુદા જાહેરનામા જારી કર્યા છે.

● જુના સચિવાલય (જીવરાજ મહેતા) ભવનમાં ઘણા બધા અધિકારીઓની કચેરીઓના રિનોવેશનની કામગીરી ચાલી રહી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ઉપપ્રમુખને બેસવા માટેની ચેમ્બર છ મહિનાથી ઉપલબ્ધ ન હોવાથી તેમણે પંચાયત સંકુલમાં હવે નહિ આવવાનો નિર્ણય કર્યો છે.

● જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ રજા પર ગયા છે.

● જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે મતદાર સાક્ષરતા કલબની વિધિવત્ રચના કરવામાં આવી છે. આજે આ કલબની પ્રથમ બેઠક પણ મળી હતી.

● મહાત્મા મંદિરમાં આયુષના કાર્યક્રમમાં વડાપ્રધાન કાર્યાલય માટે ખાસ જગ્યા ફાળવવામાં આવી છે.

● આયુષ સમીટના આયોજનની ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે આજે મનપાના તંત્રએ અંદાજે ૧૭૦ થી વધુ કામ કરી રહેલા લોકોના કોરોના ટેસ્ટ કર્યા હતા.

● સે. ૭-એ વસાહત મંડળ દ્વારા ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોને સ્લીપરનું વિતરણ કર્યુ હતુ.

● કુડાસણ સ્થિત વંદાવન બંગ્લોઝ અને આસપાસની સોસાયટીઓમાં છેલ્લા બે-ત્રણ દિવસથી ગંદુ તેમજ અંદર વિવિધ જીવાતો ધરાવતું પેયજળ મળી રહ્યુ હોવાથી રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ મુદ્દે મનપા સત્તાવાળાઓને પણ રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# ચિલોડા સરકારી પ્રાથમિક શાળામાં વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ



ચિલોડા, તા. ૧૮

કોરોના મહામારીમાં સતત બે વર્ષ સુધી પરીક્ષાથી વંચિત રહેલા વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાનો તા. ૧૮મી સોમવારના રોજ શુભારંભ થયો. પ્રથમ વખત સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. શાળાના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા એક સાથે લેવાનું આયોજન હાથ ધરાયું છે. ત્યારે ચિલોડા સરકારી પ્રાથમિક શાળામાં આજે ધોરણ-૩ થી ૫ ધોરણના વિદ્યાર્થીઓની વાર્ષિક લેખિત પરીક્ષા પ્રશ્નપત્રો દ્વારા લેવામાં આવી રહી છે. ધોરણ-૩-૪ માં વિદ્યાર્થીઓ માટે ૪૦ ગુણનું પ્રશ્નપત્ર ૨ કલાકના સમયમાં પ્રશ્નપત્રમાં જ ઉત્તરો લખવાના છે. ત્યારે ધોરણ-૫ ના વિદ્યાર્થીઓને ૪૦ ગુણનું લેખિત પ્રશ્નપત્ર ૩ કલાકના સમયમાં ઉત્તરવહીમાં પ્રશ્નોના જવાબો લખીને પરીક્ષા આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# NFSU અને Techconpro વચ્ચે લેબોરેટરી સ્થાપવા અંગે સમજૂતી કરાર થયા

ગાંધીનગર, તા. ૧૮

નેશનલ ફોરેન્સિક સાઈન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર અને ટેકકોનપ્રો પ્રાઈવેટ લિમિટેડ, બેંગ્લૂરુ, કર્ણાટક વચ્ચે તા.૧૮મી એપ્રિલ, ૨૦૨૨ના રોજ ઓપન-સોર્સ ઈન્ટેલિજન્સ (OSINT) લેબોરેટરી સ્થાપવા માટે સમજૂતી કરાર થયા હતા. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ, ડો. જે. એમ. વ્યાસની ઉપસ્થિતિમાં પ્રો.(ડો.) એસ. ઓ. જુનારે, કેમ્પસ ડાયરેક્ટર, NFSU અને સંજય સહાય, સંસ્થાપક અને ડાયરેક્ટર ટેકકોનપ્રો પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.




નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ, ડો. જે. એમ. વ્યાસે જણાવ્યું હતું કે "આ ઓપન-સોર્સ ઈન્ટેલિજન્સ (OSINT) લેબોરેટરીની સ્થાપના થકી જ્ઞાનનું આદાન-પ્રદાન થશે અને ડિજિટલ ફોરેન્સિકસનો ઉપયોગ કરીને શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે દ્વિપક્ષીય સહયોગથી રાષ્ટ્રોપયોગી વિકાસ માટે મહત્ત્વનાં કાર્યો થશે. બંને સંસ્થાઓ મલ્ટીમીડિયા ફોરેન્સિક્સ, સાયબર/ઈન્ફોર્મેશન સિક્યોરિટી, ડિજિટલ ફોરેન્સિક્સ, સાયબર સિક્યોરિટી મેનેજમેન્ટ અને હોમલેન્ડ સિક્યોરિટીના વિશિષ્ટ ક્ષેત્રો સહિત સંશોધન પ્રોજેક્ટ્સ પર પણ સંયુક્ત રીતે કામ કરશે.

# દિવ્યાંગ ખેલમહાકુંભ સ્પર્ધામાં લીંબોદરા હાઈસ્કૂલની તન્વી પટેલનો સુંદર દેખાવ





ગાંધીનગર, તા. ૧૮

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી અને નવસર્જન વિકલાંગ ટ્રસ્ટ દ્વારા સે. ૧૫ના એસએઆઈ ખાતે દિવ્યાંગ ખેલમહાકુંભ સ્પર્ધા યોજાઈ હતી.

જેમાં પી.પી.આર. શાહ હાઈસ્કૂલની વિદ્યાર્થીની તન્વી કમલેશભાઈ પટેલે ગ્રુપ-બી માં ગોળાફેંક અને ચક્રફેંક સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતુ. વિજેતા ખેલાડીને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. જ્યારે શાળાના આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

# રાંધેજા બાઈક ચોરીનો એલસીબી-૨એ ગણતરીના સમયમાં ભેદ ઉકેલ્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંધેજા શિવશકિતનગર રાવળવાસ ખાતે રહેતા રાજેન્દ્રકુમાર અંબાલાલ રાવળ કલરકામ કરે છે. ત્યાર ગત તા.૧૫ ના રોજ કૌંટુબીક ભત્રીજાના લગ્ન પ્રસંગ નિમિતે કૃષ્ણનગર રામદેવપીર મંદિર સાંજના સમયે જમણવાર અને ગરબામાં હાજરી આપવા માટે રાત્રે ૯ વાગે બાઈક લઈને ગયા હતા. ત્યારે બાઈક રામદેવપીર મંદિરની નજીકમાં લોક મારી પાર્ક કર્યું હતું. કૃષ્ણનગર રામદેવપીર મંદિર નજીક થી રાત્રીના સમયે બાઈકની ચોરી થઈ હતી. બાઈક ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. ત્યારે આ ચોરી કરનાર શખ્સને બાઈક સાથે ગતણરીના સમયમાં એલસીબી-૨ એ પકડી પાડી રૂ.૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી વાહનચોરીનો ગુનો ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયના પાટનગરમાં જ વાહનચોરીના કિસ્સા માં સતત વધારો થતો જાય છે. ત્યારે ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા તેમજ જવાનો સ્થળની મુલાકાત કરી હ્યુમન સોર્સ ઉભા કરી તેમજ ટેકનીલક સર્વેલન્સને આધારે આરોપીઓને પકડી પાડવા માટે કામગીરી કરી રહ્યા હતા. તે સમયે એલસીબી-૨ પેથાપુર વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ રાકેશસિંહ અને કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહને બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીના બાઈક સાથે શંકાસ્પદ હાલતમાં ફરતો હોય છે. જેથી પોલીસે



વોચમાં રહીને ચોરીના બાઈક નં. જી.જે.૧૮.એ.એફ.-૬૪૦૯ સાથે મહુંદ્રા ગામના ૫૬ વર્ષિય જશુજી અંબાલાલ ઠાકોરને પકડી પાડી વધુ તપાસ માટે પેથાપુર પોલીસને સોંપવામાં આવેલ છે.

# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, રાંધેજા દ્વારા પુસ્તક પ્રદર્શન



ગાંધીનગર, તા. ૧૮

ડૉ.બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, રાંધેજા ખાતે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું , જેમાં મોટી સંખ્યામાં સ્ટુડન્ટ અને પ્રોફેસર દ્વારા પુસ્તક પ્રદર્શન નિહાળીને તેમના જીવન કવન વિશેની માહિતી મેળવી હતી આ પુસ્તક પ્રદર્શનનું આયોજન સંકુલ ના સંયોજક ડૉ રાજીવભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય વિભાગ ના સેવક ભરતભાઈ પરમાર, ચિરાગ પરમાર અને બિનલબેન શ્રીમાળી દ્વારા પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# બિહારનું પ્રતિનિધિમંડળે ચિલોડા-ઈસનપુર મોટા સ્થિત સેવા સહકારી મંડળીની મુલાકાત લીધી

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાની સમૃદ્ધ ગણાતી ધી ચિલોડા સેવા સહકારી મંડળી અને ઈસનપુર મોટાની ધી સેવા સહકારી મંડળી ખાતે તાજેતરમાં પટણા બિહાર કો.ઓ. બેંકનું ૩૩ વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ મંડળ બંને મંડળીની મુલાકાત દ્વારા જિલ્લા રજીસ્ટ્રાર અને બેંકના સીઓનો ખેતી વિષયક લોન અભ્યાસ માટેની ટીમે બંને મંડળીઓની મુલાકાત લીધી જેમાં ચિલોડા અને ઈસનપુર મોટા સેવા સહકારી મંડળની કામગીરીથી પ્રતિનિધિમંડળ ખૂબ આનંદ વિભોર બન્યા. ઈસનપુર મોટા ખાતે ચેરમેનો, કારોબારી સભ્યોએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યુ હતું. જ્યારે ચિલોડા મંડળીના મંત્રી જયંતિભાઈ પટેલે પ્રતિનિધિમંડળ સાથે હોલમાં મિટિંગનું આયોજન કર્યુ હતું.





સાંતેજ પોલીસ મથકની હદમાં આવેલા જાસપુર- ધાનોટ નર્મદા બ્રીજની બાજુમાં આવેલા એક ફાર્મ હાઉસમાં એલસીબી-૧ પોલીસે રેડ કરી વિદેશી દારુની બોટલ નંગ.૧૩૬ ઉપરાંત મોબાઈલ ફોન અને સ્કુટર સહિત રૂ.૧.૧૭લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## વાવોલ એચપી પેટ્રોલ પંપ નજીક ખુલ્લી જગ્યામાંથી જીપડાલાની ચોરી

ગાંધીનગર, તા.૧૮

વાવોલ ગોકુલપુરા ખાતે રહેતા વિજય ભરવાડના જીપડાલાની ઉઠાતરી થઈ છે. એચપી પેટ્રોલ પંપ પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા જીપડાલાને ચોર શખ્સો ઉઠાવી જતા રૂ.૨૫૦ લાખની ચોરી અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ગોકુલપુરા ખાતે રહેતા વિજય ભાનુભાઈ ભરવાડ (ઉં.૨૬) જીપ ડાલા નં. જી.જે.૦૨.એકસ.એકસ.-૨૧૮૩ માંલોકલ ફેરા મારે છે. વિજય ભરવાડે જીપ ડાલાને ગત તા. ૧૫ ના રોજ સાંજના સાડા છ વાગ્યાના સમયે એચપી પેટ્રોલ પંપ પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યુ હતું. ત્યારબાદ સવારે તા.૧૬ ના રોજ સવારે૯ કલાકે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બોલેરો પીકઅપ ડાલુ ન હતું. પોતાની રીતે આસપાસના વિસ્તારમાં તેમજ વિવિધ સ્થળો પર જીપડાલા અંગે શોધખોળ કરી હતી. બનાવ અંગે વિજય ભરવાડે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# બિસ્માર રસ્તાની હાલત-લોકોને ભારે હેરાનગતિ

**છાલાથી કાનપુર આવવાનો મંજૂર થયેલ રસ્તો ના બનાવતાં ગામના વડીલો તેમજ યુવાનો દ્વારા વાહનોને બ્રેક**

ચિલોડા, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના છાલા હાઈવે નેશનલ-૮ જે મુંબઈથી દિલ્હીને જોડતો હાઈવે આવેલો છે. આશરે ૧૦ જેટલા ગામોને જોડતો મુખ્ય રોડ છે. આ રોડ પર અવારનવાર અકસ્માતની ભરમાર ચાલુ રહે છે. આજે પણ એક પર્યટકો તેમજ ભાવિભક્તો આ પર્યટક સ્થળ પર જતા હોય છે. છાલાથી કાનપુર રસ્તા પર ત્રણ કિ.મી.ના અંતરમાં પણ ૨૦થી ૨૨ ગાંધીનગર જિલ્લાનું આ ગામ ભાજપનો ગઢ કહેવાય છે તે ગઢની હાલત શું છે ? ગામના આગેવાનો દિનેશભાઈ પટેલ, વસંતભાઈ પટેલ,







જે કાનપુર ગામથી માત્ર ૩ કિ.મી. અંતરે આવેલુ છે. આ રોડ તત્કાલીન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા મંજૂર કરવામાં આવેલ હતો. આ રોડ મંજૂર કર્યાના મહિનાઓ વિત્યા છતાં આજદિન સુધી આ રોડ બનાવવામાં આવ્યો નથી. આ રોડ વાહનચાલક પડી જતાં ગામના લોકો રોષે ભરાયા હતા. આ કાનપુર ગામ હંમેશા ભાજપનો ગઢ ગણાય છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ કંથારપુરા વડને જોડતો રસ્તો છે. અહીંયાથી દરરોજ મિનિટ સમય લાગે છે. ગામમાંથી આકસ્મિક રીતે જો કોઈ અચાનક બિમાર અને દવાખાને જવાનું થાય તો રસ્તામાં દર્દીનું પ્રાણ પંખેરૂ ઉડી જાય તેવી હાલત રોડની થઈ છે. ગામના લોકો દ્વારા રજૂઆત છે કે સરકારના માણસો આવીને જુએ કે અમૃતભાઈ પટેલ દ્વારા જાણવા મળ્યું કે આ રોડનું કામ જલ્દીમાં જલ્દી ચાલુ નહીં કરવામાં આવે તો આગામી આવનાર વિધાનસભાની ચૂંટણીમાં ગામ ચૂંટણીનો બહિષ્કારનું શસ્ત્ર ઉગમાવાની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.